અમેરિકા જઈ રહેલો ૫૦ લાખનો કેબલનો જથ્થો બદલી ડ્રાઈવરે કન્ટેનરમાં રેતીની ગુણો ભરી દીધી!

સુરત, તા.૬

સુરત હજીરા અદાણી પોર્ટ પરથી 50 લાખથી વધુની કિંમતનો કેબલ વાયરનો જથ્થો ટ્રાન્સપોર્ટના ટ્રેલર ચાલકે રસ્તામાં સગેવગે કરી રેતીની બેગો ડિલિવરી કરી હોવાનું સામે આવ્યું છે.

ઈચ્છાપોર કવાસ ગામ રૂપક ફ્લેટમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના અશ્વની ભાલચંદ ઉપાધ્યાય (ઉ.વ.૩૭) ઓમ ફ્રેઈટ ફોરવર્ડર્સ પ્રાઈવેટ લીમીટેડ કંપની, મુંબઈની અદાણી પોર્ટ ખાતે આવેલ બ્રાંન્ચમાં સી ઈમ્પોર્ટ-એક્સપોર્ટ ડીવીઝનમાં સુપર વાઈઝર તરીકે નોકરી કરે છે. અશ્વનીની કંપનીને પંચમહાલના હાલોલ ખાતે આવેલા પોલીકેબ ઈન્ડીયા લીમીટેડ કંપની દ્વારા રૂપિયા 50,42,252ની કિંમતનો 21,280 કિલોગ્રામ એલ્યુમીનીયમ કંડકટર પી.વી.સી કેબલ વાયરનું કંટેનર એલ એન્ડ ટી ઈન્ટરનેશન એફઝેટઈ 206, શા અબ્દુલ્લા બિલ્ડગલ કાસિમી સ્ટ્રીટ યુનાઈટેડ આરબ અમીરાત કંપની ખાતે એક્પોર્ટ કરવા માટે ઓર્ડર આપ્યો હતો.

અશ્વનીની કંપની દ્વારા 23 નવેમ્બર 2024ના રોજ માલ હલોલથી હજીરાના અદાણી પોર્ટ ખાતે મોકલવા માટે રોનક ટ્રાન્સપોર્ટ મારફતે ટ્રેલરમાં લોડ કરાવી મોકલ્યો હતો. ટ્રેલરના ચાલક અમિતસિંહ અનુજસિંહ યાદવ (રહે, રાયપુર કઠાર ઉદયપુર ગમ કનપુરનગર ઉત્તરપ્રદેશ)એ બીજા દિવસે એટલે 24

હાલોલથી સુરતના હજીરા પોર્ટ વચ્ચે ડ્રાઈવરે રસ્તામાં માલની અદલા બદલી કરી નાખી, ડ્રાઈવર અમિતસિંઘ સામે છેતરપિંડીની ફરિયાદ

નવેમ્બરના રોજ ટ્રેલર લઈને અદાણી કંપની ખાતે પહોચી ગયો હતો. ત્યારબાદ અમિતસિંગએ મોબાઈલ બંધ કરી અદાણી પોર્ટ ખાતે કસ્ટમ ઓફિસર દ્વારા કંટેનરનું સીલ તથા સીલ ચેક કર્યા બાદ કંટેનરને કસ્ટમ ક્લીયરિંગ થઈ જહાજ મારફતે એલ એન્ડ ટી ઈન્ટરનેશન એફઝેટઈ 206, શા અબ્દુલ્લા બિલ્ડગલ કાસિમી સ્ટ્રીટ યુનાઈટેડ આરબ અમીરાત કંપની ખાતે મોકલી આપ્યો હતો.

દરમ્યાન 26 ડિસેમ્બરના રોજ પોલીકેબ ઈન્ડીયા લીમીટેડ કંપનીએ અશ્વનીની કંપનીના અધિકારીને ફોન કરી કરી કંટેનરમાંથી એલ્યુમીનીયમ કંડકટર પી.વી.સી કેબલ વાયરના બદલે રેતીની બેગો નિકળી હોવાનુ કહેતા ચોકી ઉઠ્યા હતા. તાબડતોડ રોનક ટ્રાન્સપોર્ટના માલીકને ફોન કરી પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે ટ્રેલર ચાલક અમિતસિંઘ યાદવ ફોન બંધ અદાણી પોર્ટ ગયા બાદ પરત આવ્યો નથી. અશ્વની ઉપાધ્યાયને ખ્યાલ આવી ગયો કે ટ્રેલર ચાલક અમિતસિંધ યાદવે રસ્તામાં કેબલ વાયર સગેવગે કરી તેના બદલામાં રેતીની બેગો ભરી છેતરપિંડી કરી છે. હજીરા પોલીસે અશ્વની યાદવની ફરિયાદ લઈ અમિતસિંઘ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પુણાગામમાં યુવતીની એકલતાનો લાભ લઈ પાડોશી નરાધમે બળાત્કાર ગુજાર્યો

સુરતઃ સુરત પુણાગામમાં રહેતી યુવતીને ઘરમાં એકલી જોઈ પાડોશી યુવકે ઘરમાં ઘૂસી બળજબરી કરી બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ સામે આવી છે. જો કોઈને જાણ કરશે તો તેને અને તારા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતા પીડિત યુવતીએ ન્યાય માટે પુણા પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા. પોલીસે યુવક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.પુણાગામમાં રહેતો ભુપત મગનભાઈ મકવાણાએ પાડોશમાં રહેતી યુવતીને ઘરમાં એકલી જોઈ તેણીના ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ રૂમમાં યુવતી સાથે બળજબરી કરતા યુવતીએ ભાગવાની કોશિશ પણ કરી હતી. હવસખોર ભુપતે યુવતી સાથે બળાત્કાર ગુજારી કોઈને જાણ કરશે તો પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયો હતો. ભોગ બનનાર યુવતીએ પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભુપત મકવાણા સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શ્રીલંકા અને ગાનાના ડેલિગેટ્સ અતુલ બેકરીના પ્રોડક્શન યુનિટની મુલાકાતે

સુરતઃ સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શ્રીલંકા અને ગાના (આફ્રિકા) ના પ્રતિનિધિમંડળ માટે એક વિશેષ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના ભાગરૂપે તેમણે અતુલ બેકરીના પ્રોડક્શન યુનિટની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન ડેલિગેટ્સને અતુલ બેકરીના ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ, નવીન તકનીક અને આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રાન્ડની તકો અંગે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. વિદેશી પ્રતિનિધિઓએ અતુલ બેકરીના ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો અને આધુનિક મેન્યુફેક્ચરિંગ સુવિધાઓની પ્રશંસા કરી. અતુલ બેકરીના ચેરમેન અતુલ વેકરિયાએ વિદેશી મહેમાનો સાથે ફ્યુચર કોલેબોરેશન અને વેપાર વિસ્તરણના અવસરો અંગે ચર્ચા કરી. મુલાકાતનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતી ઉત્પાદનોની સિદ્ધિઓ અને તકોને પ્રોત્સાહનનો હતો. મુલાકાત માટે ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ તથા અતુલ બેકરી ટીમનું યોગદાન રહ્યું હતું.

એન.એન.સવાણી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરતની કોર્ટમાં

જાહેર નોટીસ

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૨૯/ ૨૦૨૫
તા.૦૬/૦૨/૨૦૨૫

વાદી :– વનિતાબેન કિરીટભાઈ રાઠોડ
બંને રહે. ૬૦૨, જુનો હળપતિવાસ, મીંઢી કમરોલી જી. સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :–જન્મ–મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩)મુજબ જન્મ/મરણની નોંધ કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા–વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી વનિતાબેન કિરીટભાઈ રાઠોડ, રહે. ૬૦૨, જુનો હળપતિવાસ, મીંઢી,કમરોલી, જી.સુરતના પિતા બળવંતભાઈ ઈચ્છુભાઈ રાઠોડનું અવસાન તા.૧૨/૦૯/૨૦૦૬ ના રોજ મોજે.સેગવાસ્યાદલા, તા.અબ્રામા, જી.સુરત ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે–તે વખતે કાયદાથી અજ્ઞાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં–વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.એન.સવાણી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,
સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરત.

મિલકતના ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

જીલ્લા-નવસારી, તાલુકા ગણદેવીના બીલીમોરા નજીક આંતલીયા ગામે આવેલ રેવન્યુ/બ્લોક નંબરોવાળી બીનખેતીની (N.A.) વાળી તમામ મિલકતો જેનો જુનો બ્લોક/સર્વે નંબરો (૧) ૧૭૬/પૈકી ૬, નવો બ્લોક નં. ૨૧૮, ખાતા નં. ૧૧૪૨, ક્ષેત્રફળ ૦-૦૨-૦૬, આકાર રૂા. પૈસા ૦.૦૦, (૨) ૧૭૬/પૈકી ૧૪, નવો બ્લોક નં. ૧૫૧૭, ખાતા નં. ૧૧૪૨, ક્ષેત્રફળ ૦-૦૧-૩૯, આકાર રૂા. પૈસા ૦.૦૦, (૩) ૧૭૬/પૈકી ૧૬, નવો બ્લોક નં. ૧૫૧૮, ખાતા નં. ૧૯૮૩, ક્ષેત્રફળ ૦-૧૫-૦૩, આકાર રૂા. પૈસા ૦.૭૫, (૪) ૧૭૬/પૈકી ૧૩, નવો બ્લોક નં. ૧૫૧૬, ખાતા નં. ૯૭૧, ક્ષેત્રફળ ૦-૧૦-૮૫, આકાર રૂા. પૈસા ૦.૦૦ વાળી તમામ મિલકતનું કુલ ક્ષેત્રફળ ૨૯૩૩.૦૦ ચોરસમીટર યાને ૩૧૫૫૯.૦૮ ચોરકફુટ થાય છે. તે તમામ મિલકતો તેમના અગાઉના નોંધાયેલા માલિકો શ્રી મગનલાલ ઝીણાભાઈ, ચુનીલાલ ઝીણાભાઈ, છોટાલાલ ઝીણાભાઈ, બીલીમોરાની હતી. તેમનાં વારસદારો પાસેથી ''સ્ટાર વેલ્વેટ પ્રા. લી.'' ના પ્રોપરાઈટર (૧) તુષારભાઈ સુરેન્દ્રભાઈ શાહ અને (૨) મનિષભાઈ કાન્તીલાલ શાહ, મુ.પો. આંતલીયા, બીલીમોરા, તા. ગણદેવી, જી. નવસારીનાઓએ જુદા જુદા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજોનાં આધારે ખરીદ કરી તમામ મિલકતોનાં કાયદેસરનાં, ખરા અને સાચા માલિકો અને કબજેદારો બનેલા હતાં અને છીએ, સદરહુ તમામ મિલકતો કે તેના કોઈપણ ભાગ/જમીન/ટુકડો/હિસ્સો ઉપર કોઈપણ વ્યક્તિ/વારસદાર, કબજેદાર, સંસ્થા, બેંક, પેઢી, સરકારી, અર્ધ-સરકારી, બીન-સરકારી કે સ્થાનિક કચેરી વિગેરેનો કોઈપણ પ્રકારનો માલિકી, હકક, હીસ્સો, લાગભાગ, ઈન્ટરેસ્ટ, ચાર્જ, લીયન, ગીરો, લોન, બોજો કે અલાખો નથી તેમ જણાવી આ નોટીસમાં જણાવેલ તમામ મિલકતો ખરીદનારાએ બોનોફાઈડ પરચેઝર્સ તરીકે સાટાખત, વેચાણ કરાર, માલિક/કબજા હકક તબદીલીના લેખો, વેચાણ દસ્તાવેજ વિગેરે કરી/કરાવી આપવાની માંગણી કરેલ છે. જેથી આ નોટીસથી જાહેર કરીએ છીએ કે જો કોઈપણ વ્યક્તિઓ/વારસદારો, બેંકો, સંસ્થાઓ, પેઢીઓ, સરકારી, અર્ધ-સરકારી, બીન-સરકારી કે સ્થાનિક કચેરી વિગેરેનો કોઈનો કોઈપણ પ્રકારનો માલિકી, હકક, હિસ્સો, લાગભાગ, બોજો, લોન, લીયન કે અલાખો વિગેરે ધરાવતા હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દસ) માં તે અંગેના તમામ લેખિત આધારભુત અસલ દસ્તાવેજી પુરાવાઓ સહિત નીચેના સરનામે રૂબરૂ રજુ કરવા, જો તેમ કરવામાં નહીં આવે તો મુદત વીત્યે સદરહું તમામ મિલકતો કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ વ્યક્તિ/વારસદારો, બેંક, સંસ્થા, પેઢી, સરકારશ્રી વિગેરેનો કોઈપણ પ્રકારનો માલિકી/કબજો, લાગભાગ, હકક, હીસ્સો, બોજો, ઈન્ટરેસ્ટ, લોન કે અલાખો નથી એવું જાહેર ગણી અને જો હોય તો તે ઉપરોક્ત મૂળમાલિકો (વેચનારાઓ) નાં તરફેણ, હકકમાં જતો કરેલ છે તેમ ગણી સદરહું મિલકતનું ટાઈટલ માર્કેટેબલ કલીયર વેચવાપાત્ર છે તેવું જાહેર થશે અને હાલનાં માલિકો મજકુર તમામ મિલકતો ખરીદવા ધારેલ પક્ષકારોને વેચાણ કરશે અને તેઓ સદર તમામ મિલકતોના વેચાણ દસ્તાવેજ રૂએ કાયદેસરના તમામ માલિકી-કબજા હકકો મેળવશે જેથી મુદત વીત્યે કોઈનો કોઈપણ પ્રકારનો કેસ, અરજી, ફરિયાદ, દાવા-દુવી કે તર-તકરાર, વાંધા-વિરોધ ચાલશે નહીં તે સ્પષ્ટ જાણવું જેની સર્વેએ નોંધ લેવી.

જાહેર નોટીસ આપનાર,
શ્રી નિલેશ બિપીન શાહની ફરમાઈશ અને સુચનાથી,
રહેવાસી-૬૯/કમલ સી.એચ.એસ. થર્ડ ફ્લોર,
ફ્લેટ નં. ૩૬, વાલ્કેશ્વર રોડ, ગોપી બિરલા
સ્કુલની સામે, મુંબઈ, મહારાષ્ટ્ર,
પીન કોડ નં. ૪૦૦૦૦૬.

મારી મારફત,
વિજય આર. છોટાણી
(એડવોકેટ એન્ડ નોટરી)

ઓફીસઃ ૫, પહેલા માળે પેરેડાઈઝ ટાવર, સિવિલ હોસ્પિટલની સામે, સ્ટેશન રોડ, નવસારી, તા. જી. નવસારી. મો.: ૯૯૦૯૦ ૦૮૨૮૨

પેગાસસ એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ

PEGASUS

૫૫-૫૬,પાંચમા માળે,ફ્રી પ્રેસ હાઉસ,નરીમાન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦૦૨૧ફોન નં. +૯૧-૨૨૬૧૮૮૪૭૦૦

કબજા નોટીસ [નિયમ ૮(૧) મુજબ](સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર પેગાસસ એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સરફાયેસી એક્ટ) ના ખંડ ૧૩ (૧૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને વંચાણે લીધા બાદ મળેલા અધિકારો મુજબ **દેવાદાર/સહદેવાદાર/ગીરોદાર/ મે. વર્લ્ડ ગોલ્ડ જંકશન પ્રાઈવેટ લિમિટેડ (ભાગીદારી પેઢી) તેમના ભાગીદારો દ્વારા શ્રી ભુવનચંદ્ર દુલાચંદ મંડલ, શ્રીમતી પારૂલબેન ભુવનચંદ્ર મંડલ, શ્રી અંકિત હરેન્દ્ર ગોસાલિયા, શ્રી અપૂર્વ ભુવનચંદ્ર મંડલને તા. ૧૧/૦૬/૨૦૧૯ના રોજ ડીમાન્ડ નોટીસ મોકલી નોટીસમાં જણાવેલ બાકી લેણી રકમ રૂ. ૪,૩૩,૮૧,૫૨૪.૭૧- (રૂપિયા ચાર કરોડ તેંત્રીસ લાખ એકયાંસી હજાર પાંચસો ચોવીસ અને એકોતેર પૈસા પુરા) તા.૧૦/૦૬/૨૦૧૯** સુધી વત્તા તેના પર કરાર મુજબનું તા.૧૧/૦૬/૨૦૧૯થી લાગુ પડતું ચડત વ્યાજ, કિંમત, ખર્ચ સહિતની રકમ કથિત નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.

કથિત દેવાદારો/સહદેવાદારો/ગીરોદારોની ગીરો મિલકતની ચુકવણીના અધિકારો **પેગાસસ એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ. જે પેગાસસ ગૃપ વન ટ્રસ્ટ -૩૭** ના ટ્રસ્ટી તરીકે કામ કરે છે તેની તરફેણમાં **તા.૧૯/૦૩/૨૦૧૯**ના એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટ દ્વારા સરફાયેસી એક્ટની જોગવાઈ મુજબ કરી દીધા હતા.

દેવાદાર ચુકવણું કરવામાં નિષ્ફળ ગયા હોવાથી સરફાયેસી એક્ટના ખંડ ૧૪ હેઠળ ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ, સુરત સમક્ષ અરજી કરવામાં આવી હતી.જે સંબંધે તેમના આદેશ મુજબ ડીએમ સુરતે મામલતદારને મિલકતનો વાસ્તવિક કબજો લઈ પેગાસસ એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ. ના અધિકૃત અધિકારીને સોંપવા જણાવ્યું હતું.

ઉપરોક્ત આદેશના અમલ તરીકે નીચે જણાવેલી મિલકતનો કબજો લઈને **તા.૦૫/૦૨/૨૦૨૫**ના રોજ પેગાસસના અધિકૃત અધિકારીને સોંપવામાં આવ્યો છે.

આથી દેવાદારો/સહદેવાદાર/ગીરોદારને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલી મિલકત ઉપર પેગાસસનું લેણી રકમ **રૂ.૪,૩૩,૮૧,૫૨૪.૭૧- (રૂપિયા ચાર કરોડ તેંત્રીસ લાખ એકયાંસી હજાર પાંચસો ચોવીસ અને એકોતેર પૈસા પુરા) તા.૧૦/૦૬/૨૦૧૯** સુધી વત્તા તેના પર કરાર મુજબનું તા.૧૧/૦૬/૨૦૧૯ થી લાગુ પડતું ચડત વ્યાજ, કિંમત, ખર્ચ સહિતની રકમનું લેણું નિકળે છે. એનો હવાલો એમની પાસે છે. જેથી એનો કોઈ રીતે સોદો થઈ શકશે નહીં.

દેવાદારોનું એક્ટના પેટાખંડ (૮) ખંડ ૧૩ ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે કે ગીરવે મુકવામાં આવેલી મિલકત છોડાવવા માટે તેમની પાસે હજુ પણ સમય છે.

સ્થાવર મિલકતનું વર્ણનઃ

તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકતપ્લોટ નં.૨૫, ક્ષેત્રફળ ૪૨૧ચો.વાર અથવા ૩૫૨.૦૧ ચો.મી. માં પાયાનું બાંધકામ જલદર્શન સોસાયટી,મોજે ઉમરા પેટા જિ.ચોયાસી,જિ.સુરત રે.સ.નં.૩૫ જેની ચતુઃસીમા આ મુજબ છે : **પૂર્વે :** રોડ, **પશ્ચિમે :** પ્લોટ નં.૨૧, **ઉત્તરે :** રોડ, **દક્ષિણે :** પ્લોટ નં.૨૪

તારીખ : ૦૫/૦૨/૨૦૨૫ | **સહી/- અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત | **પેગાસસ એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.**
(જે પેગાસસ ગૃપ વન ટ્રસ્ટ-૩૭ ના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.)

પાંડેસરામાં બોગસ દસ્તાવેજથી દુકાન પચાવી પાડવાના કેસમાં બેને સાત વર્ષની કેદ

સુરતઃ દિપક ઉર્ફે ચીચુ ભુપેન્દ્રભાઈ અરોરા (રહે. અંબાનગર, ઉધના-મગદલ્લા રોડ), સુનીલ દત્તુભાઈ પાટીલ (રહે. પાંડેસરા), ઉદય નામદેવરાવ પાટીલ (રહે. પાંડેસરા), ગૌતમ ચંદુ પટેલ અને વકીલ અરવિંદલાલ શાંતીલાલ સોની (રહે. લીંબુ શેરી)એ પાંડેસરા ગુ.હા. બોર્ડના સિલ્વર શોપીંગ કોમ્પલેક્ષમાં દુકાન નં.૧૨ એકબીજાના મેળાપીપળામાં બોગસ વેચાણ કરાર બનાવી તેને ખરા તરીકે ઉપયોગ કરી પચાવી પાડી હતી. આરોપીઓ વિરૂદ્ધ સુરત કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી ચાલી હતી. સરકારી વકીલ સૌરભ ચૌહાણે દલીલો કરીને આરોપીઓને વધુમાં વધુ સજા કરવામાં આવે તેવી માંગ કરી હતી. અંતિમ સુનાવણી બાદ કોર્ટે દિપક અરોરા અને ગૌતમ પટેલને દોષિત ઠેરવી સાત વર્ષની સજાનો હુકમ કર્યો હતો. જ્યારે અન્ય આરોપીઓ સામે ગુનો પુરવાર ન થતા તેમને નિર્દોષ ઠેરવ્યા હતા.

કાપોદ્રાઃ જુગારમાં માથે થયેલું દેવું સરભર કરવા ચેઈન સ્નેચીંગના રવાડે ચડેલો યુવક જેલભેગો થયો

સુરત, તા.૬

સુરત મોબાઈલમાં ઓનલાઈન જુગારમાં હારી જતા મહિલાઓના ગળામાંથી સોનાના અછોડા તોડતા એક ને કાપોદ્રા પોલીસે ઝડપી પાડ્યો



હતો. એટલું જ નહી પણ ઝડપાયેલા યુવક વિરૂદ્ધ જુગાર ધારા અને ચેઈન સનેચિંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કાપોદ્રા પોલીસે જણાવ્યું હતું કે ગત તા 4 અને તા 5/2/2025 ના રોજ બપોરના એકાદ વાગ્યે કાપોદ્રા લક્ષ્મણનગર માર્કેટમાંથી બે અલગ અલગ મહિલાઓના ગળામાંથી બાઈક સવાર અજાણ્યા ઈસમો સોનાનું મંગળસુત્ર તથા સોનાની ચેઈન તોડી ભાગી ગયા હોવાની ફરિયાદ નોંધાય હતી. પોલીસે સી.સી.ટી.વી કેમેરાની મદદથી બન્ને ગુન્હાઓને એક જ આરોપીએ અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું હતું.

મોટાવરાછામાં રહેતો કુલદીપ કાવઠીયા ચેઈનસ્નેચીંગ કરી દાગીના પર ગોલ્ડ લોન લઈ જુગાર રમતો હતો

બાતમીના આધારે પોલીસે કુલદિપભાઈ કાન્તીભાઈ કાવઠીયા ઉ.વ 30 હિરા મજુરી (રહે. ડી/૫૦૩ પંચદેવ રેસીડન્સી એ.બી.સી માર્કેટની બાજુમાં મોટા વરાછા સુરત મુળ વતન- વલારડી તા. બાબરા જી. અમરેલી) ને ઝડપી પાડ્યો હતો.જેની પાસેથી એક બાઈક, મોબાઈલ અને સ્નેચીંગ કરેલી રૂપિયા 85 હજારની મંગળસુત્ર-ચેઈન મળી કુલ રૂ 1,15 લાખનો મુદામાલ જપ્ત કરાયો હતો.

તપાસ દરમિયાન આરોપી હિરા મજુરી કામ કરતો હતો. મોબાઈલ ફોનમાં ઓનલાઈન ગેમીંગ આઈ.ડી ઉપર જુગાર રમવાની ટેવ પડી ગઈ હતી. જેમાં તે પૈસા હારી જતા સ્નેચીંગ કરવના રવાડે ચઢી ગયો હતો. સ્નેચીંગ કરેલા દાગીના પર ગોલ્ડ લોન મેળવી ઓનલાઈન ગેમીંગ આઈ.ડી ઉપર જુગાર રમતો હતો. મોબાઈલ ફોનમાં ચેક કરતા ઓનલાઈન ગેમીંગ આઈ.ડી ઉપર જુગાર રમતો હોવાનું બહાર આવ્યું હતું.

હજીરામાં જુના ઝઘડાની અદાવતમાં બે ઈસમોએ મહિલાનાં ઘરમાં ઘૂસી નિર્વસ્ત્ર કરવાની કોશિષ કરી

સુરત, તા.૬

સુરત હજીરામાં જુના ઝઘડાની અદાવતમાં બે ઈસમોએ મહિલાના ઘરમાં ઘૂસી કપડા ખેંચીને નિર્વસ્ત્ર કરવાની કોશિશ કરતા ભારે હોબાળો મચી ગયો હતો. પીડિત મહિલા ઘરમાંથી બહાર નીકળી જતા બંને ઈસમોએ પોતાના કપડા કાઢી જાહેરમાં બિભસ્ત હરકતો કરીને મહિલાની છેડતી કરી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ બાદ હજીરા પોલીસે પીડિત મહિલાની ફરિયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

મહિલા જીવ બચાવી ઘરમાંથી નાસી જતાં સ્નેહલ અને કિશન નામનાં ઈસમોએ જાહેરમાં નિર્વસ્ત્ર થઈ બિભત્સ ઈશારા કર્યા

હજીરા પોલીસે જણાવ્યું હતું કે કિશન પટેલ નામના યુવક અને મહિલાના ઘરના સભ્યો વચ્ચે અગાઉ અવાર નવાર ઝઘડાઓ થયા હતા. જુના ઝઘડાઓની અદાવત રાખી 3 જી જાન્યુઆરીના રોજ બપોરના સમયે મહિલા ઘરમાં એકલી હતી ત્યારે વાદરૂ ઉર્ફે ઋત્વિક ઉર્ફે સ્નેહલ સંજયભાઈ પટેલ (રહે, ભાગવાળી શેરી, હજીરા ગામ તાલુકો ચોર્યાસી) અને કિશન લખુભાઈ પટેલ (રહે, સરદાર ચોકની સામે હજીરા ગામ ચોર્યાસી) બાઈક લઈને મહિલાના ઘરે આવ્યા હતા.

ઘરની અંદર ઘૂસી મહિલાને ગાળો આપી વાદરૂ ઉર્ફે ઋત્વીકે મહિલાની સાડી નાખી નિર્વસ્ત્ર કરવાની કોશિશ કરી હતી. પરંતુ મહિલા ભાગીને ઘરની બહાર નીકળી ગઈ હતી. બંને ઈસમો મહિલાની પાછળ દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ઘરની બહાર જાહેરમાં ઊભા રહી સ્નેહલ અને કિશને પોતાના કપડાઓ ઉતારી જાહેરમાં બિભસ્ત ઈશારાઓ કરીને મહિલાને ક્ષોભજનક સ્થિતિમાં મૂકી દીધી હતી. આખરે પીડિત મહિલાએ હજીરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કનકપુરમાં વેરો નહીં ભરાતા ૨૧૨ મિલકતો સીલ કરવામા આવી

સુરતઃ મનપાના કનકપુર ઝોનના વિવિધ વિસ્તારોમાં નોટીસો મોકલી વેરો ભરપાઈ કરવા સુચના આપવામાં આવી હતી. છતાં મિલકતધારો દ્વારા વેરો ભરવામાં અખાડા કરતા મિલકતો સીલ કરવામાં આવી હતી. ઉન તથા સચિન વિસ્તારના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ, પી.એમ. ધમણવાલા, વી.એમ.ધમણવાલા, મીત એન્ડ મીર, માધવ પાર્ક, સુડા સેક્ટર-1,2,3, વગેરે વિસ્તારમાં તેમજ ગભેણી, જીઆવ, બુડીયા, સોનારી, તલંગપુર, પાલી, પારડી કણદે, ઉબેર, સચીન તેમજ કનકપુરના રહેણાક વિસ્તારો માટે સ્પેશીયલ ટીમ બનાવી કુલ 212 મિલ્કતને સીલ કરવામાં આવી હતી. તેમજ નળ કનેકશન કાપી રીકવરી ડ્રાઈવ ચલાવી વેરા વસુલાતની કામગીરી કરવામાં આવી હતી. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ખુલ્લા પ્લોટનો વેરો ભરપાઈ નહીં કરતા 96 સોસાયટી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી બોર્ડ લગાવવામાં આવ્યા હતા. તેમજ સરકારી દફતરે બોજો દાખલ કરવાં માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમા આજદિન સુધી રૂા. 41.24 કરોડની વસુલાત થઈ હતી.

મુથુટ હોમફિન(ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં.૧૯-એનઈ, ૧૯મા માળે, ધી રૂબિ, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર(પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર-૪૦૦૦૨૮

કબજા નોટીસ (પરીશિષ્ટ-૪ વંચાણે લેતા સિશયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ,૨૦૦૨ના રૂલ ૮(૧) મુજબ)

આથી નીચે સહી કરનાર મુથુટ હોમફિન(ઈન્ડિયા) લિમિટેડ,(એમએચઆઈએલ) ના અધિકૃતઅધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ , ૨૦૦૨ (એક્ટ) સાથે વંચાણે લેતા સેક્શન ૧૩ (૧૨)સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્તઅધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી વિગતવાર ડિમાન્ડ નોટીસ નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ ચુકવી દેવાની હતી. દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારોને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલી મિલકતનો કબજો નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ તેમને એક્ટના ખંડ ૧૩ (૪) અને કથિત રૂલ્સના રૂલ ૮ હેઠળ મળેલા અધિકાર મુજબ લીધો છે. ખાસ દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર મુથુટ હોમફિન(ઈન્ડિયા) લિમિટેડના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ સામે છે જેથી એનો કોઈ પણ રીતે સોદો કરી શકાશે નહીં. વધારાનું વ્યાજ,દંડનું વ્યાજ,ખર્ચ,કિંમત વગેરે નોટીસની તારીખથી ગણાશે.
દેવાદારોનું ધ્યાન એક્ટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮)ની જોગવાઈ તરફ દોરવામાં આવે છે જે મુજબ ગીરો મિલકત છોડાવવાનો હજુ સમય છે.

અ. નં.	દેવાદાર/સહદેવાદાર અને જામીનદારના નામ અને ખાતા નં. શાખા	ગીરો મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ અને કુલ બાકી રકમ (રૂ.)	કબજાની તારીખ
1.	ધ્યાનેશ્વર જગન ગોસાવી/ અનિતાબેન જ્ઞાનેશ્વરભાઈ ગોસાવી/ ૦૦૪-૦૦૪૦૧૧૩૧/ સુરત	૪૦૪, ચોથા માળે,રાધે રેસીડેન્સી, બ્લોક નં.૩, જોલવા ગામ રોડ,જોલવા, સુરત, સુરત ગુજરાત ૩૯૪૩૦૫ ચતુઃસીમાઃ ઉત્તરેઃ કંપાઉન્ડની દિવાલ, દક્ષિણેઃ આંતરીક રોડ, પૂર્વે : લાગુ સોસાયટી, પશ્ચિમેઃ આંતરીક રોડ,	૧૨-નવે-૨૦૨૪/રૂ.૫,૭૮,૬૯૮/- (રૂપિયા પાંચ લાખ ઈઠ્ઠોતેર હજાર છસ્સો અઠ્ઠાણુ પુરા)	03/02/2025
2.	રોહિતકુમાર દેવીશંકર તિવારી / સરોજદેવી દેવીશંકર તિવારી/ ૦૦૪-૦૦૪૦૪૩૪૬/સુરત	ફ્લેટ નં. બી-૪૦૩,ચોથા માળે,શિવ સ્કવેર,હરીહંત પાર્ક સોસાયટી -રસુરત મુંબઈ હાઈવેના છેડે સુરત સુરત ગુજરાત-૩૯૪૩૨૭	૧૨-નવે-૨૦૨૪/ રૂ.૯,૯૯,૯૯૨/- (રૂપિયા નવ લાખ નવ્વાણુ હજાર નવસો બાણુ પુરા)	03/02/2025
3.	શૈલેન્દ્ર આર.ગુપ્તા / અનિતાદેવી શૈલેન્દ્ર / ૦૦૪-૦૦૪૦૪૮૭૭/સુરત	પ્લોટ નં.૧૮૫ બી ગોકુલધામ લેક સીટી,રે.સ.નં.બ્લોક નં.૧૪૯, સાંકી ક્રિકેટ ગ્રાઉન્ડની પાછળ, કડોદરા પલસાણા હાઈવે, સુરત, સુરત ગુજરાત ૩૯૪૩૧૫	૧૨-નવે-૨૦૨૪/ રૂ.૬,૭૧,૯૧૬/- (રૂપિયા છ લાખ એકોતેર હજાર નવસો સોળ પુરા)	03/02/2025
4.	હિતેન્દ્ર મધુસુદન જાદવ / કિરણ હિતેન્દ્ર જાદવ / ૦૫૯-૦૫૯૦૦૦૮૦/વાપી	ફ્લેટ નં. ૩૦૬, ત્રીજા માળે, મૈત્રી એપાર્ટમેન્ટ, રમઝાનનગર, ગણેશ ચોક વાપી-છરવાડા રોડ છરવાડા વાપી ગુજરાત-૩૯૬૧૯૫	૧૨- નવે-૨૦૨૪/ રૂ.૪,૩૮,૦૫૩/- (રૂપિયા ચાર લાખ આડત્રીસ હજાર ત્રેપ્પન પુરા)	04/02/2025

તા.ફેબ્રુઆરી ૦૭,૨૦૨૫
સ્થળઃ સુરત,

સહી/- અધિકૃત અધિકારી ,
વાપી મુથુટ હોમફિન(ઈન્ડિયા) લિમિટેડ

નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ

nido HOME FINANCE

(અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી), રજિસ્ટર્ડ ઓફિસ : પાંચમા માળે, ટાવર ૩, વિંગ-બી, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર સીટી, કિરોલી રોડ, કુર્લા (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૭૦ બ્રાંચઓફિસ : ઓફિસ નં. ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૦૪ ત્રીજા માળે, થર્ડ આય વિઝનબિલ્ડીંગ, શિવાલીક પ્લાઝાની સામે, આઈઆઈએમ -પાંજરાપોળ અમદાવાદ-૩૮૦૦૦૬

ઈ-ઓક્શન - વેચાણ માટેની ૧૫ દિવસની વૈધાનિક નોટીસ

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ ઈ-ઓક્શનથી વેચાણ માટે
આથી જાહેર જનતાને અને ખાસ દેવાદાર અને જામીનદારને નોટીસ આપવામાં આવે છે કે તેમની નીચે જણાવેલી ગીરો મિલકતો **'જયાં છે જેમ છે' અને 'જે છે તે છે'** ના ધોરણે ઈ-ઓક્શનથી વેચાણ માટે મુકવામાં આવનાર છે જે **મે.નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)** માં દેવાદાર(રો), સહદેવાદાર(રો) અને જામીનદારો દ્વારા ગીરો મુકી લોન લીધી હતી તેની વસુલાત માટે સલામત ધિરાણકર્તાઓ પાસે વાસ્તવિક કબજા સાથેની નીચે જણાવેલી મિલકતોનું વેચાણ કરવામાં આવનાર છે.

અ. નં.	દેવાદાર(રો), સહદેવાદાર(રો), જામીનદાર(રો)ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય
2.	ભોદેવ બચ્ચુ શા (દેવાદાર)અને નિશા દેવી (સહ દેવાદાર)	રૂ.૩,૫૦,૧૫૨.૭/- (રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર એકસો બાવન અને સાત પૈસા પુરા) બાકી લોન ખાતા નં.: LVAPSTT0000081125ના અને રૂ.૪,૪૨,૦૫૯.૬૪/- (રૂપિયા ચાર લાખ બેતાલીસ હજાર ઓગણસાંઇઠ અને ચોંસઠ પૈસા પુરા) બાકી લોનખાતા નં.: LVAPSTH0000059818ના મળી કુલ બાકી રૂ.૭,૯૨,૨૧૨.૩૪ (રૂપિયા સાત લાખ બાણુ હજાર બસ્સો બાર અને ચોંત્રીસ પૈસા પુરા) તા.૦૫/૦૨/૨૦૨૫ સુધીના વત્તા ભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ	**રૂ. ૬,૩૯,૪૬૩/-** (રૂપિયા છલાખ ઓગણચાલીસ હજાર ચારસો ત્રેસઠ પુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ. ૬૩,૯૪૬/-** (રૂપિયા ત્રેંસઠ હજાર નવસો છેતાલીસ પુરા)	28-02-2025 ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી(પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)

મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય : ૧૪-૦૨-૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ | વાસ્તવિક કબજાની તારીખ : ૨૧.૧૨.૨૦૨૪

ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતપ્લોટ નં. ૩૦૧,ક્ષેત્રફળ અંદાજે ૫૦૦ ચો.ફૂટ અથવા ૪૬.૪૫ ચો.મી. ત્રીજા માળે,વૃંદાવન એપાર્ટમેન્ટ બિનખેતી જમીન પરનું બાંધકામ સ.નં.૨૫૨,ક્ષેત્રફળ ૧૩૮૬૦ ચો.મી. પૈકી,મોજે ગામ છીરી , તા.વાપી,જિ.વલસાડ **ચતુઃસીમાઃ ઉત્તરે :** ફ્લેટ નં.૩૦૨, **દક્ષિણે :** ખુલ્લી જગ્યા, **પૂર્વે :** દાદર, **પશ્ચિમે :** ખુલ્લી જગ્યા

નોંધઃ-૧) ઓક્શન વેચાણ વેબ સાઈટઃ **https://sarfaesi.auctiontiger.net** દ્વારા થશે અને જે બીડર્સ પાસે માન્ય ઈ-મેલ,ઓળખનો પુરાવો અને ફોટો પુરાવો અને પાનકાર્ડ હોય અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસ થી ચુકવણી કરી હોય તેઓ જ આ ઓન લાઈન ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકશે.
૨) રસ ધરાવતા બીડર્સે ઈએમડીની ચુકવણી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસથી એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની તરફેણમાં મોકલવાના રહેશે.
બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતા નં. ૬૫૨૨૨૬૮૪૫૧૯૯ ,સરફાયેસી- ઓકશન - નીડોહોમફાઈનાન્સ લિમિટેડ,આઈએફએસસી કોડ SBIN0001593
૩) અરજી બીડ ફોર્મની સાથે ઈએમડી ઓનલાઈન મોકલવાની છેલ્લી તારીખ : **૨૭.૦૨.૨૦૨૫**
૪) વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે કૃપયા અમારી વેબસાઈટ ની મુલાકાત લો **https://sarfaesi.auctiontiger.net અથવા શ્રી મૌલિકશ્રીમાળીનો ફોન નં. ૯૧-૬૩૫૧૮૯૬૬૪૩/ ૯૧૭૩૫૨૮૭૨૭ ઉપર સંપર્ક સાધવો. હેલ્પ લાઈન ઈ-મેલ આઈડી : Support@auctiontiger.net**

મો.નં. ૯૫૫૮૫૩૬૯૭૬
તા.:૦૭-૦૨-૨૦૨૫

સહી/અધિકૃતઅધિકારી
વતિનીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ(અગાઉએડેલવેઈઝહાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક

Reaching to Unreached

રિજનલ ઓફિસ, સુરતઃ ૩જો માળ, સીટી સેન્ટર કોમ્પ્લેક્ષ, યોગી ચોક પાસે, વરાછા રોડ, સુરત- ૩૯૫ ૦૦૬, ઈમેલઃ rosurat@barodagujaratrrb.co.in, વેબસાઈટઃ www.bggb.in

ઈ-હરાજી નોટીસ
ઈ–હરાજી તા.: ૧૦.૦૩.૨૦૨૫

ધી સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે ધી સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ ૨૦૦૨ની કલમ ૮(૬) ની જોગવાઈઓને વેચાણે લેતા સ્થાવર મિલકત અંગેની ઈ-ઓક્શન દ્વારા વેચાણ નોટીસ. આથી, અહીં અત્રે જાહેર જનતાને તથા વ્યક્તિગત રીતે લોનધારક(કો) અને જામીનદાર(રો) ને નીચે વર્ણવવામાં આવેલ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના પ્રત્યક્ષ કબજામાં રહેલી મિલકત **તા. ૧૦.૦૩.૨૦૨૫ ના રોજ** સદર બેંકના અધિકૃત અધિકારીએ સદરહું મિલકત ''જ્યાં છે, જેમ છે'' અને ''જ્યાં છે, જે છે'' ના આધાર પર નીચે દર્શાવેલ જામીનપાત્ર, લોન પરનું વ્યાજ, અન્ય ખર્ચા અને લાગુ પડતા ચાર્જની વસૂલાત માટે વેચવામાં આવશે. ઈ-ઓક્શન websitehttps://www.bankeauctions.com પર ૧૧.૦૦ થી ૧૩.૦૦ દરમિયાન યોજવામાં આવનાર છે.

ક્રમ	શાખા નું નામ મોબાઈલ નંબર	કરજદાર(રો) જામીનદાર(રો) ના નામ	૧૩(૨) માંગણા નોટીસ મુજબ કુલ માંગ રકમ	સ્થાવર મિલકતની વિગત	અનામત કિંમત (ઈએમડી)	કબજા ની સ્થિતી
૧.	બારડોલી મોઃ 9099007141	શ્રીમતી પદમાબેન પ્રવિણભાઈ પરમાર અને શ્રીમતી હેમલતાબેન એ. કાનેડે	રૂા. ૬,૦૧,૫૦૫.૮૦ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૦૮.૦૧.૨૦૧૮ મુજબ	તમામ ભાગ અને હિસ્સો જમીન નો બ્લોક નં. ૪૬ પૈકી ફ્લેટ નં. ૩૦૩, મનપસંદ કોમ્પ્લેક્ષ, મનપસંદ સોસાયટી, બાબેન, તાલુકોઃ બારડોલર, જીલ્લોઃ સુરત.	૪,૮૬,૦૦૦/– ૪૮,૬૦૦/–	પ્રત્યક્ષ
૨.	ભરૂચ મોઃ 9099007002	શ્રી હિતેશ રામજીભાઈ પરમાર	રૂા. ૨૩,૩૮,૮૮૫.૬૯ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૦૮.૦૬.૨૦૨૨ મુજબ	તમામ મિલકત નો ભાગ અને હિસ્સા નો રેવન્યુ સર્વે નં. ૯૮ પૈકી ફ્લેટ નં. બી-૪૦૪, ચોથો માળ, બી-બિલ્ડીંગ, ક્રિસ્ટલ એવન્યુ માં ક્ષેત્રફળ એરીયા ૯૪.૩૦ ચોરસ મીટર, અવિભાજીત જમીન નો હિસ્સો ૨૮.૨૯ ચોરસ મીટર ગામઃ ગડખોલ, તાલુકો-અંકલેશ્વર, જીલ્લોઃ ભરૂચની સીમમાં આવેલ છે.	૧૧,૯૦,૦૦૦/– ૧,૧૯,૦૦૦/–	પ્રત્યક્ષ
૩.	ફોરટ સોનગઢ મોઃ 9099007013	શ્રી તેજપાલસિંહ બાબુરામ કનોજીયા	રૂા. ૬,૩૫,૧૧૭.૫૦ + વ્યાજ + ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૩૧.૦૫.૨૦૨૩ મુજબ	મિલકતનો તમામ ભાગ અને હિસ્સા નો પ્લોટ નં. સી-૨૫ ક્ષેત્રફળ ૪૩.૭૮ ચોરસ મીટર જમીન એરીયા અને ૫૭.૭૭ ચોરસ મીટર બાંધકામ એરીયા, બ્લોક નં. ૫૪/એ/૨૫, શ્રીજી દર્શન રેસીડન્સી જે વાંકવેલ, મુ.પોસ્ટ. વાંકવેલ, તાલુકોઃ સોનગઢ, તાલુકોઃ સોનગઢ, જીલ્લોઃ તાપી ખાતે આવેલ છે.	૧૧,૨૫,૦૦૦/– ૧,૧૨,૫૦૦/–	પ્રત્યક્ષ
૪.	જાંહગીરપુરા મોઃ 7574803201	શ્રી પાર્થ રાજેશકુમાર સાલુંકે	રૂા. ૧૪,૨૦,૩૪૨.૭૯ + વ્યાજ + ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૦૩.૦૧.૨૦૨૨ મુજબ	સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા નો ફ્લેટ નં. ૫૦૪ (મિલકત નં. ૧/૧૯૦) ક્ષેત્રફળ આશરે બિલ્ટઅપ એરીયા ૧૩૧૩.૦૦ ચોરસ ફુટ બરાબર ૧૨૨.૦૨૬ ચોરસ મીટર, અલ-હુસૈન એપાર્ટમેન્ટ તરીકે જાણીતી બિલ્ડીંગમાં ૫માં માળે, સાથે અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું ક્ષેફિળ ૨૦.૮૦૦ ચોરસ મીટર જે જમીન નીચે બિલ્ડીંગ બાંધવામાં આવેલ જમીન નો સીટી સર્વે નં. ૧૭૮૨/૨ (ક્ષેત્રફળ આશરે ૨૮૩.૬૭ ચોરસ મીટર) ગામતલ એરીયા મોજે ગામઃઓલપાડ, જીલ્લોઃ સુરત ખાતે આવેલ છે.	૧૩,૦૦,૦૦૦/– ૧,૩૦,૦૦૦/–	પ્રત્યક્ષ
૫.	કાપોદરા મોઃ 7574848365	શ્રીમતી આશાસિંહ કમલેશસિંહ યાદવ અને શ્રી કમલેશસિંહ રામદિપસિંહ યાદવ	રૂા. ૧૫,૮૫,૮૪૩ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૨૮.૦૪.૨૦૨૧ મુજબ	મિલકતનો તમામ ભાગ અને હિસ્સો પ્લોટ નં. ૭/ઇ (મંજુર થયેલ પ્લાન મુજબ) ગામ-કારેલી ખાતે આવેલી 'ઓમ હરિ ઓમ રેસીડન્સી' તરીકે ઓળખાતી સોસાયટી, તાલુકોઃ પલસાણા,જીલ્લોઃ સુરત, ક્ષેત્રફળ આશરે ૬૬.૯૨ ચોરસ મીટર સાથે તેના પરનું બાંધકામ અને અવિભાજીત પ્રમાણસર હિસ્સો સીઓપી અને રોડ જમીન નું ક્ષેત્રફળ ૪૪.૧૭, કુલ ક્ષેત્રફળ ૧૧૧.૦૯ ચોરસ મીટર.	૮,૧૮,૧૦૦/– ૮૧,૮૧૦/–	પ્રત્યક્ષ
૬.	કાપોદરા મોઃ 7574848365	શ્રીમતી સુરજદેવી ઘેવરામ ચૌધરી અને શ્રી ઘેવારામ મોડારામજી ચૌધરી	રૂા. ૧૭,૦૨,૮૬૬.૬૪ + વ્યાજ અને ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૧૨.૦૪.૨૦૨૧ મુજબ	મિલકતનો તમામ ભાગ અને હિસ્સો બી-ટાઇપ પ્લોટ નં. ૩ (પાર્સીંગ પ્લાન મુજબ પ્લોટ નં. બી-૩)(રિ-સર્વે નવા બ્લોક નંબર ૧૨૦૩ મુજબ) 'શ્રી વીર વિનાયક રેસીડેન્સી' તરીકે ઓળખાતી સોસાયટીની, માંકણા ગામ ખાતે આવેલ નો રેવન્યુ સર્વે નં. ૧૧૬/૨, બ્લોક નં. ૧૧૮, ક્ષેત્રફળ ૧૩૩૫૭.૦૦ ચોરસ મીટર ગામઃ માંકણા તાલુકોઃ કામરેજ, જીલ્લોઃ સુરત ૭/૧૨ મુજબ, ક્ષેત્રફળ ૫૩.૩૭ ચોરસ મીટર વગેરે ૬૩.૮૩ ચોરસ યાર્ડ (રિ-સર્વે મુજબ ક્ષેત્રફળ ૫૩.૦૦ ચોરસ મીટર) સાથે અવિભાજીત પ્રમાણસર જમીન ના હિસ્સા નું ક્ષેત્રફળ ૨૭.૧૪ ચોરસ મીટર.	૮,૨૫,૩૦૦/– ૮૨,૫૩૦/–	પ્રત્યક્ષ
૭.	કઠોર મોઃ 9099997685	શ્રી રમેશભાઈ માવજીભાઈ કાકડીયા	રૂા. ૧૪,૦૦,૦૦૦.૦૦+ રૂા.૩૭,૭૮૭.૦૦ (વ્યાજ રિવર્સલ)+ વ્યાજ અને ત્યાર બાદ ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૧૬.૦૫.૨૦૨૨ મુજબ	મિલકતનો પ્લોટ નં. ૨૭, ક્ષેત્રફળ એરીયા ૪૦.૧૫ ચોરસ મીટર સાથે અવિભાજીત પ્રમાણસર હિસ્સો રોડ અને સીઓપી સાથે ત્યાં લગતા તમામ ઉપક્રમો હાઉસીંગ સોસાયટી નામે શીવ દર્શન રેસીડન્સી ખાતે આવેલ નો રેવન્યુ સર્વે નં. ૪+૩૧૪+૩૧૫, ૩૧૦,૩૧૧,૩૧૨,૩૧૩ જુનો બ્લોક નં. ૧૩, ન્યુ બ્લોક નં. ૧૪ પૈકી સબ પ્લોટ નં. ૦૨ મોજે ગામ-શેખપુર, તાલુકો-કામરેજ અને જીલ્લો સુરત.	૭,૮૩,૦૦૦/– ૭૮,૩૦૦/–	પ્રત્યક્ષ
૮.	કઠોર મોઃ 9099997685	શ્રી અરજણભાઈ નાથુભાઈ મકવાણા શ્રીમતી રાધીબેન અરજણભાઈ મકવાણા	રૂા. ૨૦,૬૦,૪૦૧.૨૯ + વ્યાજ + ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૦૪.૦૭.૨૦૨૩ મુજબ	મિલકતનો તમામ ભાગ અને હિસ્સા પ્લોટ નં. ૧૧૫ સાથે માર્જીન એરીયા ક્ષેત્રફળ ૭૭.૦૬ ચોરસ મીટર તેને સમકક્ષ ૯૨.૧૬ ચોરસ યાર્ડ કેજીપી મુજબ ઓળખાતો બ્લોક નં. ૯૫/૧૧૫ ક્ષેત્રફળ ૭૪.૪૨ ચોરસ મીટર સાથે અવિભાજીત પ્રમાણસર રોડ નો હિસ્સો અને સીઓપી ક્ષેત્રફળ ૪૬.૧૦ ચોરસ મીટર જે 'શિવ રેસીડેન્સી', ખાતે આવેલ જમીન નો બ્લોક નં. ૯૫ (રેવન્યુ સેર્વ નં. ૭૮) ક્ષેત્રફળ ૧૪૨૭૦.૦૦ ચોરસ મીટર ગામ માંકણા, સબ જીલ્લો તાલુકો કામરેજ, જીલ્લો સુરત.	૮,૦૭,૩૦૦/– ૮૦,૭૩૦/–	પ્રત્યક્ષ
૯.	કોસમાડા મોઃ 9099997667	શ્રી ભીમજીભાઈ ધનજીભાઈ વાઘાણી લાભુબેન ભીમજીભાઈ વાઘાણી	રૂા. ૮,૨૦,૩૯૬.૩૩ + વ્યાજ + ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૨૮.૦૪.૨૦૨૧ મુજબ	સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો વગેરે પ્લોટ નં ૮૭ (પાર્સીંગ પ્લાન મુજબ સાથે બાજુ ની માર્જીન જમીન નું ક્ષેત્રફળ ૩૯.૦૨ ચોરસ મીટર સાથે બાજુ ની માર્જીન જમીન એરીયા ૨૨.૧૫ ચોરસ મીટર જે શીવ નગર માં ત્યાં લગતા ઉપદેશો સાથે જે જમીન પર આવેલ નો બ્લોક નં. ૩૪૭, આર.એસ. નં.૩૬૦ મોજે ગામ-કામરેજ, તાલુકો-કામરેજ, જીલ્લો સુરત.	૪,૮૦,૦૦૦/– ૪૮,૦૦૦/–	પ્રત્યક્ષ
૧૦.	કોસમાડા મોઃ 9099997667	શ્રી નીતિનકુમાર અશોકભાઈ પંચાલ શ્રીમતી શોભનાબેન નીતિનકુમાર પંચાલ	રૂા. ૧૩,૬૦,૮૨૪.૦૦ + વ્યાજ અને ત્યાર બાદ ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૨૦.૧૧.૨૦૧૮ મુજબ	મિલકતનો તમામ ભાગ અને હિસ્સો ફ્લેટ નં. ૫૦૨, ક્ષેત્રફળ સુપર બિલ્ટઅપ એરીયા ૯૬૩.૫૭ ચોરસ ફુટ વગેરે ની સરખામણીમાં ૮૮.૫૨ ચોરસ મીટર અને બિલ્ટઅપ એરીયા આશરે ૬૧૯.૪૫ ચોરસ ફુટ વગેરે સરખામરક્ષમાં ૫૭.૫૫ ચોરસ મીટર ૫ માં માળે, બિલ્ડીંગ ડિ-૨૨, માનસરોવર રેસીડેન્સી નામે બાંધકામ અને આવેલ જમીન રેવન્યુ બ્લોક નં. ૫૫૦/એ (જુનો સર્વે નં. ૬૮૩) મોજે ગામઃ કઠોર, તાલુકોઃ કામરેજ, જીલ્લોઃ સુરત.	૬,૯૩,૦૦૦/– ૬૯,૩૦૦/–	પ્રત્યક્ષ
૧૧.	પાલોદ મોઃ 9099997670	શ્રી બોઘાભાઈ સુરાભાઈ આલ શ્રીમતી સવિતાબેન બોઘાભાઈ આલ	રૂા. ૧૦,૫૫,૪૦૫ + રૂા.૨૨,૧૧૭.૧૭ (વ્યાજ રિવર્સલ) + વ્યાજ + ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૨૦.૦૪.૨૦૨૨ મુજબ	મિલકતનો તમામ ભાગ અને હિસ્સો પ્લોટ નં. ૪ (કેજેપી દુરસ્તી મુજબ, બ્લોક નં. ૨૩૬/૪) ક્ષેત્રફળ એરીયા ૫૪.૮૦ ચોરસ યાર્ડ વગેરે સમકક્ષ ૪૫.૮૨ ચોરસ મીટર, સાથે અવિભાજીત પ્રમાણસરનો હિસ્સા નું ક્ષેત્રફળ ૭.૬૮ ચોરસ મીટર સીઓપી અને ૨૩.૩૦ ચોરસ મીટર કોમન રોડ સાથે હાઉસીંગ સોસાયટી ને લગતી તમામ બાબતો જાણીતી અને નામે સાંઇકૃપા રેસીડેન્સી ખાતે આવેલ જમીનનો રેવન્યુ બ્લોક નં. ૨૩૬ (જુનો સર્વે નં. ૨૪૮/૧ + ૨૪૭/૧) મોજે ગામ-સિયાલજ, તાલુકો-માંગરોલ અને જીલ્લોઃ સુરત.	૭,૦૦,૦૦૦/– ૭૦,૦૦૦/–	પ્રત્યક્ષ
૧૨.	સમણી મોઃ 9099007006	શ્રી ઉધરાદર દાઉદભાઈ મુસાભાઈ	રૂા. ૯,૨૧,૯૮૬.૭૮ + વ્યાજ + ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૨૨.૧૧.૨૦૨૧ મુજબ	તમામ ભાગ અને હિસ્સો સ્થાવર મિલકત ગામ પંચાયત નં. ૫૯૪, ઇન્ડેક્ષ નં. ૬૬૦, ક્ષેત્રફળ ૮૬.૫૦ ચોરસ મીટર, નવી વસાહત, મુસ્લીમ ((Bha.Sa.Ya.)) જે ગામ કુરચણ, તાલુકોઃ આમોદ, જીલ્લો ભરૂચ ખાતે આવેલ છે.	૧૪,૮૫,૦૦૦/– ૧,૪૮,૫૦૦/–	પ્રત્યક્ષ
૧૩.	વ્યારા મોઃ 9099007011	શ્રી પરીતોષભાઈ હિતેન્દ્ર ઉપાધ્યાય	રૂા. ૪૧,૫૧,૩૦૦ + વ્યાજ + ચાર્જીસ, ૧૩(૨) નોટિસ તા. ૦૧.૧૧.૨૦૨૩ મુજબ	મિલકત આવેલ તે ફ્લેટ નં. ૯૦૧, ૯૦૨, ૯૦૩ અને ૯૦૪ ક્ષેત્રફળ બિલ્ટઅપ એરીયા ૪૭૧૯ ચોરસ ફુટ, ૯મો માળ, 'પેરિશ્રમ રેસિડેન્સી' માં સાથે અવિભાજીત પ્રમાણસર હિસ્સા નું ક્ષેત્રફળ ૧૮૪૪ ચોરસ ફુટ જમીન ની નીચે બિલ્ડીંગનું બાંધકામ જમીન નો બ્લોક નં. ૪૪૨ મોજેઃ વ્યારા, જીલ્લોઃ તાપી.	૩૭,૭૬,૦૦૦/– ૩,૭૭,૬૦૦/–	પ્રત્યક્ષ

હરાજીના નિયમો અને શરતોની વિગતો માટે કૃપા કરીને બેંકની વેબસાઈટ https://www.bggb.in/e_auction.php પર આપેલી લિંકનો સંદર્ભ લો. **સરફેસી એક્ટ, ૨૦૦૨ અનુસાર કાયદેસર રીતે ૧૫/૩૦ દિવસની વેચાણ નોટીસ**

લોનધારકો/જામીનદારોને આ નોટીસ દ્વારા હરાજીની છેલ્લી તારીખ પહેલાં વ્યાજ અને અન્ય ખર્ચ સાથે માંગણાની રકમ જમા કરાવવા માટે જાણ કરવામાં આવી છે, જેમા નિષ્ફળ જતા, મિલકતોની હરાજી/વેચાણ કરવામાં આવશે અને જો હરાજી/વેચાણ પછી બાકી રહેલી રકમ અને ખર્ચ વ્યાજ સાથે વસૂલ કરવામાં આવશે.

સ્થળઃ સુરત - તારીખઃ ૦૭.૦૨.૨૦૨૫ | **નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.** | **અધિકૃત અધિકારી - બરોડા ગુજરાત ગ્રામીણ બેંક**

Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry .